રમેશ ઠક્કર

નમસ્કાર ગાંધીનગર

પમરાટ

આંખ હો કે માટલું જો એનું ઝમવું ગૌણ છે,
તો પછી અંદરથી ઠંડકનું જનમવું ગૌણ છે.

ભાગ્ય એને ખેલવાનો ખેલ તો ખેલી જ લે,
દોસ્ત, એમાં મારું રમવું કે ન રમવું ગૌણ છે.

કામ દુઃખનું તો મને મજબૂત કરવાનું જ હોય,
મારું એને હસતા ખમવું - રડતા ખમવું ગૌણ છે.

એ તો મારી આંખમાં આદર કળી લેશે તરત,
જ્ઞાની માટે એની સામે મારું નમવું ગૌણ છે.

ગમતી વ્યક્તિ આવે ત્યારે સ્મિત હોવું જોઈએ,
ભીતરે પીડાનું શમવું કે ન શમવું ગૌણ છે.

- વિકી ત્રિવેદી

પાથેય

ગુણીજનોની દુનિયા...

દુનિયામાં જ્ઞાનથી વધીને બીજું કંઈ નથી.કહેવાય છે કે ધન, સંપત્તિ,ઝવેરાત બધું જ ચોરાઈ શકે છે.રૂપ કે દેખાવ કાયમ ટકતાં નથી.પરંતુ વિદ્યાવાન માણસને આવો કોઈ ભય સતાવતો નથી.જ્ઞાની સર્વત્ર પૂજાય છે. વિદ્યા, હુન્નર કે આવડતની નકલ કરી શકાતી નથી.કોઈકની પ્રતિભા જોઈ ઈર્ષ્યા કરનારા લોકો એની પ્રતિભાને ઢાંકી શકતા નથી.જે માણસ? જ્ઞાની કે? પ્રતિભાસંપન્ન હોય છે એ પોતાના કામને જ વફાદાર હોય છે.એ કોઈની ટીકા કે અવરોધથી વિચલિત થતો નથી.ભગવાન કૃષ્ણએ જ્ઞાની માટે અદભૂત વાત કરી છે.

"જેમ પ્રજ્વલિત અગ્નિ લાકડાને સંપુર્ણ ભષ્મ કરે છે, તેમ જ્ઞાનરુપ અગ્નિ સર્વ કર્મોને સંપુર્ણ ભષ્મ કરે છે, કારણ કે આ જગતમાં જ્ઞાન જેવું પવિત્ર કાંઈ નથી; તેથી તે જ્ઞાનને યોગ વડે સિધ્ધ થયેલો પુરુષ કાળે કરી પોતે જ પોતાનામાં પામે છે."

જ્ઞાનની ક્ષિતિ જો અમાપ છે.જ્ઞાની માણસ સહનશીલ હોય છે.એ સમગ્ર જગતને વ્યાપક રીતે જુએ છે.એની પાછળ એની સાધના અને તપ હોય છે. એક સરસ બોધકથા જોઈએ

"એક વિશાળ ઝાડ હતું. આ ઝાડ પર એકે મોટો મધપૂડો હતો. બાજુમાં જ ચકલીનો માળો પણ હતો. એકવાર આ ઝાડ નીચે કેટલાંક માનવીઓ આવ્યા અને તેમણે આ વિશાળ ઝાડ પર મોટો મધપૂડો જોયો.

માનવીઓને આ મધપૂડો જોઇ લાલચ જાગી એટલે મધમાખીઓને ઉડાવી બધુ મધ ચોરી કરી દીધું અને ત્યાંથી જતા રહ્યાં. આ જોઇ ચકલીને ખૂબ દૂ:ખ થયું. પણ તેને નવાઈ એ લાગી કે મધપૂડો તોડ્યાની બીજી જ સેકન્ડે મધમાખીઓ પાછી તેમના કામમાં લાગી ગઈ અને મધ ભેગુ કરવા લાગી...

આ જોઇ ચકલીએ એક મધમાખીને પૂછ્યું કે તમે ખૂબ મહેનત કરીને મધ બનાવો છો અને આ માનવીઓ તમને મારીને તમારું મધ ચોરી કરી જાય છે! તમને દુ:ખ નથી થતું?

ચકલીની આ વાત સાંભળી મધમાખીએ સુંદર જવાબ આપ્યો...

મધમાખીએ કહ્યું કે માનવી મારું મધ ચોરી કરી શકે છે પણ મધ બનાવવાની મારી કલા ચોરી કરી શકતો નથી. બોધ એ છે કે, આ દુનિયામાં કોઈ પણ તમારો સામન, મિલકત, વસ્તું ચોરી કરી શકે છે, તમારાથી તે છીનવી શકે છે પણ તમારું હુન્નર કોઈ ચોરી કરી શકતું નથી. માટે હુન્નર પર ધ્યાન આપો, બાકી બધું ગૌણ છે."

માનવતાની મહેંક અને સેવાની સરવાણી : વઢિયારી અગ્રણી પ્રકાશ નાડોદાની આ છે પ્રેરક કહાની

પહેલું કિરણ
રમેશ તન્ના

એક નહીં, અનેક લોકો કહે છે કે વઢિયાર વિસ્તારમાં વિવિધ સેવાની પ્રવૃત્તિઓ કરતા પ્રકાશ નાડોદા માનવતાની મિસાલસમા છે. સ્વયંભૂ લોકો જ્યારે કોઈ વ્યક્તિ માટે આમ કહે ત્યારે સમજવું કે સેવાનું અજવાળું ખરેખર લોકોના હૃદય સુધી પહોંચ્યું છે.

વઢિયાર વિસ્તાર સંવેદના અને પ્રેમથી ભરેલો પણ ધંધા-રોજગાર ઓછા એટલે આર્થિક રીતે પછાત. આ વિસ્તારમાં ઘણી બધી વ્યક્તિઓ અને સંસ્થાઓ સેવાકીય પ્રવૃત્તિઓ કરીને માનવતાનું અજવાળું અકબંધ રાખે છે. આવી જ એક વ્યક્તિ એટલે આ પૉઝિટિવ સ્ટોરીના સમાજ-નાયક પ્રકાશભાઈ નાડોદા. અત્યંત સરળ અને સહજ વ્યક્તિત્વ ધરાવતા પ્રકાશભાઈ સને ૨૦૧૪થી સેવાની ઘણી બધી પ્રવૃત્તિઓ અવિરત રીતે અને સાચી પ્રીતે કરી રહ્યા છે. આપણે સૌથી પહેલાં કોરોનાકાળની વાત કરીએ. કોરોનામાં જ્યાં જુઓ ત્યાં મોતના પડછાયા દેખાતા હતા. એવી સ્થિતિમાં પ્રકાશભાઈની કાર ૧૦૮ બની ગઈ હતી. તેઓ એક અખબારમાં પત્રકાર તરીકે ફરજ બજાવે છે એટલે તેમની કાર ઉપર પ્રેસ લખેલું હોય (અને પ્રકાશભાઈના હૃદય ઉપર ભલે દેખાય નહીં પણ માનવતા એવું તો લખેલું જ છે.) એટલે વાહનવ્યવહારમાં સરળતા રહે. કોરોનામાં ગંભીર રીતે સપળાયેલા લોકો પ્રકાશભાઈની કારનો ઉપયોગ કરતા. પાટણ, મહેસાણા કે અમદાવાદ જવું હોય તો પ્રકાશભાઈ બધાંને દિવસ-રાત મદદ કરે, તેમની આ મદદથી અનેક લોકોને નવું જીવન મળ્યું હતું. એ કાળમાં તેમણે ૫૦૦૦ જેટલી કપૂર-અજમાની ગોટીઓનું વિતરણ કર્યું હતું અને ઓક્સિજનની સગવડ કરી આપી હતી. એ વખતે શ્વાસ માટેનાં કેટલાંક ઈન્જેક્શનનોના કાળા બજાર થતા હતા તો તેમણે અમદાવાદથી એ ઈન્જેક્શન પોતાના ખર્ચે મંગાવ્યાં અને ૫૦૦ જેટલાં ઈન્જેક્શનનો જરૂરિયાતમંદોને આપ્યાં.

પ્રકાશભાઈએ સોશિયલ મીડિયામાં જાણીતા ખજૂરભાઈમાંથી પ્રેરણા લઈને કેન્સર સહિત વિવિધ ગંભીર બીમારીઓનો ભોગ બનેલા દર્દીઓને ફૂલર ભેટ આપ્યાં. વઢિયાર વિસ્તાર તો રણ સાથે જોડાયેલો અને અહીં જ્યારે ઉનાળામાં ૪૫ ડિગ્રી ગરમી પડે ત્યારે રહેવું ભારે પડી જાય. સર્વેક્ષણ કરાવીને તેમને ૭૦ પરિવારોને ફુલર ભેટ આપ્યાં. આવી છે તેમની સેવા ભાવના !

એકવાર એમણે જોયું કે પોતાના ગામનાં કેટલાંક બાળકોના પગમાં ચંપલ નહોતાં. એમણે પૂછ્યું તો ખબર પડી કે અમે ભણવા ચંપલ પહેરીને જઈએ છીએ તો ત્યાં ચોરાઈ જાય છે. સંવેદનશીલ પ્રકાશભાઈએ વિચાર કર્યો કે જેણે ચંપલ ચોર્યાં હશે તેમની પણ લાચારી જ હશે. તેમની પાસે ચંપલ લાવવાના પૈસા નહીં હોય. તેમણે ગામના જે જે બાળકો પાસે ચંપલ નહોતાં તે બધાંને ચંપલ લાવી આપ્યાં. તેમણે વઢિયાર યુવક સેવા સમિતિની સ્થાપના કરી છે. ૫૧ યુવકોની ટીમની મદદથી તેઓ સતત જુદી જુદી પ્રવૃત્તિઓ કર્યા જ કરે છે. થાકતા કે કંટાળતા નથી.

તેમનાં માતાનું નામ છે લીલાબહેન અને પિતાનું નામ વશરામભાઈ. માતાપિતાના સેવાસંસ્કાર તેમને વારસામાં મળ્યા છે. તેમનું વતન સમીથી ૧૩ કિલોમીટર દૂર આવેલું ગામ છે. સમીમાં તેમની કિરણ ઈલેક્ટ્રોનિક્સ નામની દુકાન છે. આમ તો પ્રકાશભાઈએ એમએ અને પી.ટી.સી કરેલું છે પરંતુ ધંધામાં જોડાઈ ગયા પછી નક્કી કર્યું કે હવે ધંધો જ કરવો છે, નોકરી નથી કરવી.

તેમના ધંધામાં જે પૂંઠાંનાં બોક્સ આવે એ તેઓ વેચતા નથી. આખું વરસ બોક્સ ભેગાં કરી રાખે. ઉનાળામાં બધાં ભેગાં મળીને તેમાંથી ચકલીના માળા બનાવે અને ગામે ગામ ભેટ આપે.

તેમનાં જીવનસાથી ભાવનાબેન નાડોદા પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. તેમનો પહેલો પગાર આવ્યો એનું શું કરવું એવો વિચાર થયો. મોટાભાગે મંદિરમાં ભેટ અપાય, પરંતુ પ્રકાશભાઈ તો જુદી રીતે વિચારનારા. એમણે કહ્યું કે આપણે પ્રકૃતિ માટે કંઈક કરીએ. તેમણે ૫૦૦ વૃક્ષો વાવ્યાં. સુરેન્દ્રનગર પોલીસ અધિક્ષકની કચેરીમાં પણ ટ્રી-ગાર્ડ માટે રકમ ફાળવી.

પાલનપુર પાસેના ગોળા ગામમાં તેમણે વઢિયાર યુવક સેવા સમિતિ દ્વારા ૨૦૧૯થી સેવા કેમ્પનો પ્રારંભ કરાવ્યો છે. ભાદરવી પુનમે પદયાત્રા કરીને જતા શ્રદ્ધાળુઓને અહીં ચા-નાસ્તો કરાવાય. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાય.

તેમને બે દીકરીઓ છેઃ વિશ્વા અને રીતિકા. હવે દીકરા-દીકરીનો ભેદ નાબૂદ થયો છે. સંવેદનશીલ યુગલ ભાવનાબહેન અને પ્રકાશભાઈ દીકરીનો યોગ્ય રીતે બાળઉછેર કરી રહ્યાં છે.

પ્રકાશભાઈ ભાગ્યાના ભેરૂ અને ગરીબોના બેલી છે. જ્યાં જરૂર પડે એ હાજર હોય અને સહયોગમાં ઊભા જ હોય. મોડા ના પડે અને મોળા પણ ના પડે. લોકોને ખબર છે કે આ એક એવું ઠેકાણું છે જ્યાંથી મદદ કે સહયોગ તો મળશે જ, હૂંફ પણ મળશે.

સંવેદના હૂંફની જનની છે. પ્રકાશભાઈના હૃદયમાં સંવેદના ઠાંસીઠાંસીને ભરી છે એટલે તે અનેક લોકોને હૂંફ આપી શકે છે.

દાંપત્યજીવનમાં આવતા ઉતાર ચડાવને સાથે મળીને પાર કરીએ!

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

લાગી રે લગન
પિયા તોરી લાગી રે લગન
અરે પિયા તોરી લાગી રે લગન
રેણ રે ઝુમેલી બરિખન માસની
રુમઝુમ રેલ્યો અંધકારપપ
ભીને રે અંચલ ભમતી રાનમાં
ફૂલની ફોરમનો લઈ ભાર
વીજને તેજે તે પેખું પંથને
ઉરમાં એક રે અગન

- રાજેન્દ્ર શાહ

લગ્ન એટલે બે વ્યક્તિઓનું એકબીજા સાથેનું જોડાણ. એક લાગણીના નાજુક તાંતણે બંધાયેલું બે પરિવારો વચ્ચેનું બંધન. લગ્નજીવન સુખી અને આનંદપૂર્ણ હોય તે વ્યક્તિ શારીરિક, માનસિક તેમજ આર્થિક દૃષ્ટિએ એક પ્રકારનો સંતોષ અનુભવતી જણાય છે! નાના-મોટા ઝઘડા કે બોલચાર દરેક લગ્નમાં બનતા જ હોય છે પરંતુ, ખરો પ્રશ્ન એ નથી પ્રશ્ન ઉપસ્થિત ત્યારે થાય છે જયારે બે વ્યક્તિઓના સાયુજ્ય સમા આ જોડામમાં કોઈ ત્રીજાનું પ્રવેશવું! આ ત્રીજું એટલે શું? કોઈ સ્ત્રી કે પુરુષ મિદ કે એકસ્ટ્રા મેરીટલ અફેર્સ એવું માનવું ભૂલભરેલુ છે. આ સિવાય અન્ય ઘણા બધા પરિબળો હોય છે. જેમ કે, લગ્નજીવનના શરુઆતનાં તબક્કામાં બંનેના પરિવારજનો! સ્ત્રીના કે પુરુષના પરિવારજનોનો પ્રભાવ, તેમની ટીકા-ટીપ્પણીઓ, સલાહ આ તમામની સીધી કે આડકતરી અસર વ્યક્તિના દાંપત્યજીવન પર થતી હોય છે! આ બાબત દર વખતે અને દરેક વ્યક્તિ માટે નકારાત્મક જ હોય તેવું નથી પણ કયારેક ઈન્ટરફીયરન્સનો અતિરેક લગ્નરુપી સંબંધના કુમળા છોડનું અકાળે અવસાન કરાવવામાં ખૂબ મોટો ફાળો ભજવે છે!

લગ્નસંસ્થા અને લગ્નપ્રથાને માત્ર એક પરંપરાની જેમ પરાણે નિભાવવી એ હવેના આ આધુનિક યુગમાં અનિવાર્ય બાબત નથી! પરંતુ, એનો અર્થ એ નથી કે કોઈ પણ નાની-મોટી બાબતમાં એકમાત્ર નિર્ણય છૂટા પડવાનો જ લેવામાં આવે! શરુઆતનો સમય જેમ-જેમ બંને સાથે વિતાવતા જાય તેમ-તેમ એકબીજાની સારી- નરસી બાબતોથી વાકેફ બનતા જાય છે. બંનેના પરિવારના સભ્યો સાથેનું વલણ પણ બદલાયું હોય છે અને એકબીજાને સમજવાની ક્ષમતામાં વધારો થયો હોય છે! ઘરમાં બાળકોના આવવાથી પત્ની તેમના ઉછેરમાં અને પતિ ઘરની આર્થિક વ્યવસ્થાને સદ્ધર કરવામાં વ્યસ્ત બની ગયેલા જણાય છે! પતિ-પત્ની આ સમયમાં એકબીજાને ભૂલી ગયા હોય કે દૂર આવી ગયા હોય તેમ નથી પણ પહેલાં જેટલો સમયનો બંને પક્ષે અભાવ હોવાથી આ પરિસ્થિતિ સર્જાતી હોય છે. ખરી સમસ્યા હવે પછીની અવસ્થામાં જન્મે છે જયારે બાળકો થોડા મોટા થઈ ગયા હોવાથી સ્ત્રી કે પત્ની હવે પોતાના માટે થોડો વધુ સમય ફાળવી શકતી હોય છે પરંતુ, પુરુષને ત્યાં સુધીમાં મિત્રવર્તુળ, સોશિયલ નેટવર્કીંગ સાઈટ્સ, બીઝનેશ કે ઓફિસનું સર્કલ અને આ તમામ ન હોય તો પુસ્તકો અને ટીવી સાથે પોતાના એકાંતમાં જ મસ્ત રહેવાની ટેવ પડી ચૂકી હોય છે! ઘણીવાર પતિ કે પત્ની બન્નેમાંથી કોઈ એકની અતિ મહત્ત્વાકાંક્ષાઓ પણ પતિ-પત્નીના સંબંધોમાં ઘણું મોટું અંતર લાવી દેતી હોય છે જે સમય જયાં છૂટાછેડામાં પરિણમે છે. સ્ત્રીઓ પણ ઘણીવાર ઘરકામ, રસોઈ અને અન્ય કામોમાં જ પોતાની જાતને એટલી ઓતપ્રોત કરી દે છે કે તેને પોતાના પતિ સાથે સમય ગાળવાની જરૂરિયાત વિશે તે સાવ બેખબર બની રહે છે! અને જયારે પત્ની કે પતિને પોતાની આ ભૂલનો અહેસાસ થાય છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. જેકોબ થોરેન્સની રશિયન વાર્તાને આધારે આશા વિરેન્દ્રએ લખેલી આ વાર્તા આપણા સૌના અંતરાત્માને હલાવી દે તેવી છે :

'ડેની ૭૮ વર્ષનો થયો અને ગર્ટુન ૭૫ની. પણ ડેની કરતાં એની સ્ફૂર્તિ અને તંદુરસ્તી ઘણી સારી. જેમ જેમ ઉંમર વધતી ગઈ એમ ડેની વધુ ચીડીયો થયો ગયો. ઘણીવાર એ ખિજાઈને ગર્ટુનને કહેતો, 'હમણાં તને મારી કિંમત નહીં સમજાય, જયારે હું નહીં હોઉંને, ત્યારે સમજાશે!' પછી થોડું અટકીને કહેતો, જો કે, હું મરીશ પછી પણ તું મારે માટે થોડા સારા શબ્દો બોલશે કે નહીં, કોણ જાણે?' જયારે જયારે એ આવી વાત કરતો ત્યારે ગર્ટુન માંડ પોતાનું હસવું દબાવી ગંભીર મોઢું કરીને કહેતી, 'ના ડાર્લિંગ, છેક જ આવું ન બોલ. એમ તો તારા મરતાં પહેલાં બોલવા માટેની સ્પીચ હું અત્યારથી જ તૈયાર કરવા માંડી છું. તારી અંતિમ ઘડીએ હું ચોક્કસ તારે માટે સારું સારું બોલીશ. તારા વખાણ કરીશ, બસ? પ્રોમિસ.' હવે અચાનક ડેનીની તબિયત લથડવા લાગી. ઘરના બધાયે કામ પડતા મૂકી ગર્ટુન પાસે આવી અને પૂછયું 'ડોકટર બોલાવું?' ડેનીએ ઈશારાથી ના પાડી. એના ગળામાંથી તૂટક તૂટક શબ્દો બહાર પડ્યા, 'ગર્ટુન, મને માફ કરજે. મેં તને ઘણો અન્યાય કર્યોછે. આખી જિંદગીમાં કંઈ સુખ ન આપી શક્યો અને...'

ગર્ટુન એને રોકતાં બોલી, 'ના, ના, તું આમ માફી ન માંગ. જે કાંઈ પણ બન્યું એમાં મારો પણ વાંક તો હશે જ ને!' એ વિચારી રહી હતી કે, ડેનીની અંતિમ ઘડીએ એણે જે બોલવાનું નક્કી કર્યુ છે એ બોલવા માટેનો આ યોગ્ય સમય છે કે નહીં? ત્યાં ડેની કહેવા લાગ્યો, જો કે, હું ગુસ્સે થાઉં એમાં કંઈ ખોટું ન પણ નહોતું. તું આડેધડ ખર્ચા કર્યા કરે તો પણ મારે કંઈ ન બોલવું?''' દબાવી રાખેલી સ્પ્રીંગ ઊછળે એમ ગર્ટુનનો ગુસ્સો ઉછળ્યો, 'આટલા વ્રષો તારાં જેવા મુફસિલનું ઘર કેમ ચલાવ્યું એ મારું મન જાણે છે! મારી બદલે કોઈ બીજી હોત તો ખબર પડત!' હવે ડેની બરાબર તાનમાં આવી ગયો, 'અરે, મને તો એક કહેતાં હજાર મળતી'તી. મારા જ નસીબ વાંકા, તો તું ભટકાણી.' ગર્ટુન બરાબર છંછેડાઈ, 'હું તો આ ચાલી મારા કામે. અહીં બેસીને આ જ સાંભળવાનું હોય તો ફુરસદ કોને છે?' કલાકેક પછી સૂપ લઈ ગઈ ત્યારે ડેની સૂતો હતો ત્યારે તે બોલવા લાગી. ડેની, સાવ એવું પણ નથી કે તેં મને પ્રેમ નથી આપ્યો. એમ તો તેં મારી ઘણી કાળજી લીધેલી છે. હું તને ચાહું છું અને મને ખબર છે કે તું મને.... અચાનક એનું ધ્યાન ગયું ડેની તો ગયો. એ બેબાકળી બની ગઈ.' એ કયારે ગયો હશે? મેં કહેલાં છેલ્લા શબ્દો એણે સાંભળ્યા હશે કે નહિ?' પછી તેના માથે વહાલથી હાથ ફેરવતી એ બોલી, 'તાં સાંભળ્યું કે હું તને ચાહું છું? મેં મારું પ્રોમિસ પાળ્યું છે હં! એની આંખો વરસી પડી!'

દાંપત્યજીવનમાં આવતા ઉતાર ચડાવને સાથે મળીને પાર કરીએ! એકબીજાને સહન કરતા અને માફ કરતા પણ શીખીએ એન જે રીતે ખરાબ બાબતો સંભળાવવામાં આપણે બાકી નથી રાખતા એમ કયારેક એકબીજી સારી બે-ચાર વાતો પણ એકસાથે યાદ કરીએ અને તેનું મૂલ્ય સમજતાં થઈએ! નહિ તો કવિશ્રી વિપિન પરીખ લખે છે તે પરિસ્થિતિ સર્જાતા વાહ નહિ લાગે :

'તું કોઇ અમેરિકન પત્નીની જેમ'
મને છોડીને ચાલી તો ન ગઇ.
તેં મને
અનેક માણસોની વચ્ચે વકીલોના સહારે
કોર્ટમાં બદનામ પણ ન કર્યો.
ન તો કયારે આક્રોશ કર્યો, ન ફરિયાદ કરી,
માત્ર એક દિવસ વાતવાતમાં તું આટલું જ બોલી ગઇ :
'આવતે ભવે પતિ તરીકે તમે તો નહિં જ!'

- nehalgadhavi101@gmail.com

ડિજિટલ ફ્રોડ માટે ડિલર્સનું વેરીફિકેશન લેવાશે

બાવન લાખથી વધારે મોબાઈલ કનેક્શન બંધ, ૬૭૦૦૦ ડિલર્સ બ્લેકલિસ્ટ, ૧૦ લાખનો દંડ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ભારતમાં આમ નાગરિક પાસે હવે સ્માર્ટ ફોન હોવો એ અતિ સામાન્ય બાબત છે. મોબાઈલથી ડિજીટલ ગુનાઓ આચરવામાં ભારત નંબર વન છે. આતંકવાદ સમાજ વિરોધી ઘટનાઓને કાબૂમાં લેવા સરકારે ડિજિટલ ફ્રોડ અટકાવવા માટે આંતકવાદી પ્રવૃત્તિમાં રોકવા માટે સીમ કાર્ડ ડિલર્સનું વેરિફિકેશન ફરજીયાત બનાવેલ છે. જેનો અમલ તા. ૦૧/૧૦/૨૦૨૩ થી થશે.

સિમકાર્ડ વેચાણકર્તા ડિલર્સ તથા કંપની એજન્ટોનું પોલિસ વેરિફિકેશન ફરજીયાત કરવામાં આવ્યું છે. સિમ કાર્ડ ડિલર્સનું નિર્વિવાદિત વેરીફિકેશન સંબંધિત ટેલિકોમ ઓપરેટર્સ દ્વારા કરવામાં આવશે. પોઈન્ટ ઓફ સેલ ડિલર્સ માટે પણ રજીસ્ટ્રેશન ફરજીયાત કરવામાં આવ્યું છે. પ્રિન્ટેડ આધારકાર્ડનાં દૂરઉપયોગને અટકાવવા માટે સરકારે તેનો ક્યુ.આર. કોડ સ્કેન કરવાનું ફરજીયાત બનાવ્યું છે.

સિમકાર્ડ લેવા આધાર કાર્ડ ફરજીયાત નથી, અન્ય ઓળખનાં પુરાવા જેવા કે, ડ્રાઈવિંગ, લાયસન્સ, પાનકોર્ડ, ચૂંટણી કાર્ડ, રેશનીંગ કાર્ડ ઉપર સિમ કાર્ડ આપવામાં આવે જ છે.

ભારતમાં સિમકાર્ડ આધારિત ડિજિટલ છેતરપિંડીનાં ગુનાઓમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. સરકારનું સાયબર સેલ આ ગુનાઓ ઉકેલવામાં નિષ્ફળ છે. ભારત સરકારે આવા ગુનાઓને અંકૂશમાં લેવા બાવન લાખથી વધારે મોબાઈલ કનેક્શન બંધ કરી દેવામાં આવ્યા છે. જ્યારે ૬૭૦૦૦ જેટલા ડિલર્સને બ્લેક લિસ્ટ માં મૂકવામાં આવ્યા છે, પરંતુ આજ ડિલર્સ નામ, સરનામા બદલી બીજા નામે અસલ ધંધો ફરી ચાલુ કરી દે છે. જે બંધ કરવા સરકાર માટે મુશ્કેલ છે. સિમ કાર્ડનાં વેચાણમાં અનિયમિતતા દેખાડનાર ડિલર્સ વિરૂધ્ધ ભારત સરકારે ૩૦૦ થી વધારે એફ.આઈ.આર. કરવામાં આવી છે.

સોશ્યલ મિડીયા દ્વારા છેપરપિંડીનાં વિવિધ ગુનાઓ વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ કે મેઈલ મારફતે આચરવામાં આવે છે. જેમાં આજા ફસાજા જેવો ઘાટ થાય છે. કેટલીકવાર છેતરપિંડી નો ભોગ બનનાર સામાજીક શરમ તથા આબરૂનાં કારણે ફરીયાદ શુધ્ધા નોંધાવતા નથી. વોટ્સએટનાં ૬૬,૦૦૦ જેટલા એકાઉન્ટ સરકારે બ્લોક કર્યા છે. તથા ૮ લાખ થી વધારે બેન્ક વોલેટ એકાઉન્ટ બંધ કરવામાં આવ્યા છે. જેથી ઓનલાઈન છેતપિંડીનો ભોગ આમ આદમી ના બને.

ટેલિકોમ ઓપરેટર્સને પણ કોઈપણ ડિલર્સની નિમણૂક કરતા પહેલા દરેક ડિલર્સ અને તેના ધંધા સંબંધિત દસ્તાવેજોની ખરાઈ કરવી. અગાઉનાં નિયમોમાં ડિલરની પૂરતી ચકાસણી કરવાની જોગવાઈ નહોતી. હાલમાં દેશમાં ૧૦ લાખથી વધારે સિમકાર્ડ ડિલર્સ કાર્યરત છે.

મોબાઈલ ટેકનોલોજીનાં દૂરઉપયોગથી વધતી છેતરપિંડીની ઘટનાઓ અટકાવવા સિમકાર્ડનાં જથ્થાબંધ વેચાણને બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તેમજ ડિલર્સનાં કારોબારનું કે.વાય.સી. તથા કારોબાર વતી સિમ લેનારનું કે.વાય.સી. ફરજીયાત કરવામાં આવ્યું છે. વ્યક્તિગત ઉપયોગ માટે એક ગ્રાહકને ૯ સિમ કાર્ડ જ જારી કરી શકાશે. સિમકાર્ડનાં મહત્તમ વેચાણની પધ્ધતિ અત્યંત જટીલ છે. કંપનીઓ હરીફાઈમાં પૂરતું વેરીફીકેશન કર્યા વગર કેટલાક અયોગ્ય વ્યક્તિને જથ્થાબંધ સિમકાર્ડ આપવાનાં નિયમોનો છડેઆમ ભંગ કરતી જોવા મળે છે. ફોટો કોઈનો હોય અને નામ અન્ય કોઈનું હોય તેનું ક્યુ.આર. કોડ વેરીફિકેશન કર્યા વગર સિમકાર્ડ આપી દેવામાં આવે છે. તેથી સીમકાર્ડ ખરીદનાર દરેક વ્યક્તિનાં દસ્તાવેજની પૂરતી ખાતરી કરી ત્યારબાદ જ સિમકાર્ડ આપવાનું રહેશે. તેમ નહિ કરનાર ડિલર્સને ૧૦ લાખમાં દંડની તથા જેલની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે.

ભારતમાં બનતા સાયબર સેલનાં ગુનાઓ ઉકેલવા માટે તથા ઓનલાઈન ફ્રોડનાં ગુનાઓ ઉકેલવા માટે ભારત સરકારે સાયબર સેલની અલગથી સ્થાપના કરી છે તથા નાગરિકો દ્વારા થયેલ ઓનલાઈન ફરીયાદ ઘરે બેઠા કરી શકે છે તથા તેમના કેસની ગતિવિધી ઓનલાઈન જાણી શકે છે, પરંતુ સાયબર ફ્રોડ કરનાર એડવાન્સ ટેકનોલોજીનો ઉપયોગ કરી ગમે તે વ્યક્તિનો પાસવર્ડ તથા પીનનંબર જાણી ઓનલાઈન ખાતામાંથી નાણાં ઉપાડી લે છે અથવા ખરીદી કરી લે છે. નાગરિકો માટે સાવચેતી એ જ સલામતી છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
www.trivediassociates.in